# કૃષિ મહાવિદ્યાલય
## આણંદ કૃષિ યુનિવર્સિટી
### જબુગામ, તા. બોડેલી, જિ. છોટાઉદેપુર – ૩૯૧ ૧૫૫

## કૃષિ મહાવિદ્યાલય, જબુગામમાં SSIP અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ ખાતે તા. ૧૨મી ઓકટોબર, ૨૦૨૨ ને બુધવારના રોજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, છોટાઉદેપુર તથા SSIP સેલ, કૃષિ મહાવિદ્યાલય, જબુગામ ના સંયુક્ત ઉપક્રમે **"Capacity Development Workshop For Startups with Rural Impact"** વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર વર્કશોપમાં કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા જિલ્લા ઉદ્યોગ સાહસિકો મળી કુલ ૧૨૦ જણે ભાગ લીધો હતો. સદર વર્કશોપમાં નવીન ઉદ્યોગો માટે નાણાકીય જોગવાઈ તથા માર્કેટિંગને લગતી સુવિધાઓની સમજણ માટે સરકારશ્રી દ્વારા જે કોઈ યોજનાઓ ચલાવવામાં આવે છે તે માટે IFP Help desk, ગાંધીનગરથી પધારેલ શ્રી રવિ ભાઈ ઓઝા દ્વારા ખૂબ જ મહત્ત્વની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ચાલુ અભ્યાસ કાળમાં પણ SSIP અંતર્ગત નવું સ્ટાર્ટઅપ ચાલુ કરી શકે તે માટે પણ મહત્ત્વની માહિતી તેઓશ્રી દ્વારા આપવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, છોટાઉદેપુરમાંથી શ્રી. બી એલ બરંડા, મેનેજર, રો–મટીરીયલ તથા તેઓશ્રીના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. વિનોદ બી. મોર, SSIP કો–ઓર્ડીનેટર, કૃષિ મહાવિદ્યાલય, જબુગામ દ્વારા કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. સુનિલ આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.


Industries Commissionerate
StartUp
Igniting the future
Capacity Development workshop for
Startups with Rural Impact
Date: 12th Octomber,2022
Organized by: District Industries Center, Chhota Udepur.











**********